| | પોલીસ કમિશ્નરની કચેરી, સુરત શહેર.<br>પોલીસ ભવન, અઠવાલાઇન્સ, સુરત શહેર-૩૯૫૦૦૧<br>વિશેષ શાખા, કચેરી ટેલીફોન-૦૨૬૧- ૨૨૪૧૧૧૦<br>કંટ્રોલ રૂમ ફેકસ નં. ૦૨૬૧ - ૨૨૪૧૩૦૪<br>E-Mail : special.cp.sur@gmail.com | |
|---|---|---|

## :: જાહેરનામું ::

**-:: ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨) ની કલમ ૧૪૪ અન્વયે કાઢેલ હુકમ::-**

**ક્રમાંક: એસ.બી / ડ્રોન કેમેરા/ ૦૩ /૨૦૨૩.**

પોલીસ મહાનિરીક્ષકશ્રી સ્ટેટ ઈન્ટેલીજન્સ બ્યુરો, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનાઓના પત્રક્રમાંક જી.-૨ / ડ્રોન / કામગીરી / ૭૮૯ / ૨૦૨૧ તા:૦૧/૧૧/૨૦૨૧ અન્વયે અત્રેના સુરત શહેર વિસ્તારમાં આવેલ ક્રિટિકલ અને સ્ટ્રેટેજીક મહત્વ ધરાવતા ઈન્સ્ટોલેશનને રેડ, યલો ઝોન કે ગ્રીનઝોનમાં વિભાજીત કરેલા જેને અપ્રૂવ કરેલાની માહિતી અત્રે મોકલેલ છે. અત્રેના સુરત શહેર વિસ્તારમાં આવેલ વાઈટલ ઈન્સ્ટોલેશન, એરપોર્ટ, દરિયાકિનારાના વિસ્તારમાં, હજીરા પોર્ટ, વી.આઈ.પી / વી.વી.આઈ.પી. રહેઠાણ તેમજ કચેરીઓ, અગત્યની સરકારી કચેરીઓ વગેરે જગ્યાની સુરક્ષા કરવાની જવાબદારી શહેર પોલીસની છે. UAV (Unmanned Aerial Vehicle) કે જેમાં રીમોટ કંટ્રોલ સંચાલિત કેમેરા લગાડેલા ડ્રોન અથવા એરિયલ મિસાઈલ, હેલીકોપ્ટર, રીમોટ કંટ્રોલ માઈક્રોલાઈટ એરક્રાફ્ટ કે પેરાગ્લાઈડર જેવા સંસાધનોથી દેશ-વિરોધી સંગઠનો, આંતકવાદીઓ અને ભાંગફોડીયા તત્વો ગેરલાભ લઈને સુરત શહેરની સુરક્ષાને હાની પહોંચાડવાની શકયતા નકારી શકાય નહીં, તેમજ તાજેતરમાં જમ્મુ-કાશ્મીરમાં બનેલ ડ્રોન હુમલાના બનેલ બનાવ તથા આ પ્રકારના સંસાધનોથી શહેરમાં આંતક ફેલાવી, સુલેહ શાંતિ જોખમાય તેમજ લોકોના જાનમાલને નુકશાન કરે તેવી શકયતા રહેલી છે. જેથી પોતાના અંગત વ્યવસાય માટે ઉપર જણાવેલ UAV(Unmanned Aerial Vehicle) ઉપર નિયંત્રણ મુકવું જરૂરી જણાય છે.

ઉપરોક્ત બાબતોને ધ્યાને લેતા સુરત શહેરના અત્રેની કચેરીના રેકર્ડ ઉપર સમાવિષ્ટ કરેલ રેડ ઝોન- કુલ: ૬૮ અને યલ્લો ઝોન કુલ: ૬૬ મળી કુલ: ૧૩૪ ઝોનના વિસ્તારોને અત્રેની કચેરીથી રીમોટલી પાઈલોટેડ એરક્રાફ્ટ સીસ્ટમ ( RPAS ) DRONE–UAV અંગેની ડાયરેક્ટર જનરલ સિવિલ એવિએશન, ભારત સરકારનાઓની ગાઈડલાઈન મુજબ DRONE–UAV ઉડાડવા માટે પ્રતિબંધિત વિસ્તાર તરીકે જાહેર કરવામાં આવેલ છે. આ વિસ્તારમાં કોઈપણ સમયે DRONE –UAV ઉડાડવા માટે લાગતા વળગતા અરજદાર / ઓપરેટરશ્રીએ સંબંધિત કચેરી, વિભાગ તથા ડીજીસ્કાય એપ (એપ્લીકેશન) ઉપર અપલોડ કરેલી વિગતે પરવાનગી લઈ DRONE –UAV ઉડાડવાની કાર્યવાહી કરવાની રહેશે તથા DRONE –UAV ઉડાડવા માટેની પ્રવર્તમાન સમયમાં સિવિલ એવિએશનની ગાઈડલાઈન ધ્યાને લેતા DRONE–UAV ના ઓપરેટર / સંચાલકશ્રી એ સંબંધિત વિભાગની પરવાનગી લેવાની રહેશે.( જેમાં મુખ્યત્વે એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડીયા તથા રેડ / યલ્લો ઝોનના વિસ્તાર માટે મિનિસ્ટ્રી ઓફ હોમ અફેર્સ, ભારત સરકારશ્રી તથા મિનિસ્ટ્રી ઓફ સિવિલ એવિએશન, ભારત સરકારશ્રીની પરવાનગી લેવાની રહેશે.)

## :: <u>હુકમ</u> ::

વાસ્તે, હું અજયકુમાર તોમર ( આઈ.પી.એસ. ) પોલીસ કમિશ્નર, સુરત શહેર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં-૨) ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂ એ આથી હુકમ કરૂં છું કે, નીચે જણાવેલ વિસ્તારમાં નીચેના કૃત્યો માટે પ્રતિબંધ ફરમાવુ છું.

## <u>: પ્રતિબંધિત કૃત્યો</u> :

સુરત શહેર પોલીસ કમિશ્નર વિસ્તારમાં U.A.V (Unmanned Aerial Vehicle) કે જેમાં રીમોટ કંટ્રોલ સંચાલિત કેમેરા લગાડેલા ડ્રોન અથવા એરીયલ મિસાઈલ, હેલિકોપ્ટર, રીમોટ કંટ્રોલ માઈક્રોલાઈટ એરક્રાફ્ટ કે પેરાગ્લાઈડર ચલાવનાર સંચાલકે કે જેઓ પોતાના અંગત વ્યવસાય માટે રાખતા હોય છે. તેના માલિકે આ U.A.V (Unmanned Aerial Vehicle)ની સંપૂર્ણ માહિતી જેવી કે મોડલ નંબર, વજન, ક્ષમતાની વિગતો સાથે DGCA (DIRECTOR GENERAL CIVIL AVIATION ) DGSKY એપ ઉપર રજીસ્ટ્રેશન કરાવવાનુ રહેશે અને જરૂરી વિગતો અપલોડ કરવાની રહેશે અને <u>એરપોર્ટના ત્રણ કિલોમીટરના પરીઘમાં તેમજ વાઈટલ ઈન્સ્ટોલેશનના બે કિલોમીટરના પરીઘમાં, દરિયાકિનારાના ૫૦૦ મીટરના આગળના ભાગે આવેલ જમીન ઉપરના ગ્રાઉન્ડ સ્ટેશનના ફીક્સ્ડ પ્લેટફોર્મના વિસ્તારમાં " નો U.A.V ( Unmanned Aerial Vehicle ) ફ્લાય ઝોન " જાહેર કરુ છુ.</u> તેમજ નેનો ડ્રોન એટલે કે ૨૫૦ ગ્રામ અથવા ૨૫૦ ગ્રામ કરતા ઓછા વજનના ડ્રોન સિવાયના U.A.V ( Unmanned Aerial Vehicle )નો ઉપયોગ કરતાં પહેલા અગાઉ જે વિસ્તારમાં ઉપયોગ કરવાનો હોય તે વિસ્તારના પોલીસ સ્ટેશનના થાણા ઈન્ચાર્જશ્રીને અગાઉથી જાણ કરવાની રહેશે. તેમજ ડ્રોન કે અન્ય U.A.V (Unmanned Aerial Vehicle ) સંસાધન કોઈને ભાડે આપવામાં આવે તેની જાણ અગાઉથી ભાડે આપતા પહેલા નજીકના પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જને કરવાની રહેશે.

પ્રવર્તમાન સ્થિતીને અનુસંધાને સુરત શહેરની સુરક્ષાની બાબત ધ્યાને લેતા આ જણાવેલ વિગતોનુ કોઈપણ વ્યક્તિ / અરજદાર / એજન્સી ઉલ્લંઘન કરતા જણાઈ આવશે તો તેઓ વિરૂધ્ધ IPC 188 કાયદા અનુસાર કાર્યવાહી કરવામાં આવશે.

### :: <u>અમલવારીનો સમય :</u>

આ હુકમ તા. ૦૬/ ૦૧ /૨૦૨૩ ના કલાક:-૦૦/૦૦ થી તા. ૦૬ / ૦૩/ ૨૦૨૩ ના કલાક:-૨૪/૦૦ સુધી અમલમાં રહેશે.

## <u>: પ્રતિબંધિત વિસ્તાર :</u>

પોલીસ કમિશ્નર શ્રી સુરત શહેરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર

## <u>: અપવાદ :</u>

સુરક્ષા એજન્સીના રીમોટ કંટ્રોલ માઈક્રો લાઈટ એરક્રાફ્ટને આ જાહેરનામામાંથી મુક્તિ આપવામાં આવે છે.

## <u>:: શિક્ષા::</u>

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ફોજદારી અધિનિયમ સને-૧૮૬૦ ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ હુકમ અન્વયે સુરત કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ આસિસ્ટન્ટ સબ ઈન્સપેકટર અને તેનાથી ઉપરના દરજજાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ઇ.પી.કો. કલમ ૧૮૮ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

## :: જાહેર વિજ્ઞપ્તિ ::

તમામને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોય, આથી એક તરફી હુકમ કરું છું કે, જાહેર જનતાની જાણ સારૂ સ્થાનીક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધી ધ્વારા તથા પોલીસ સ્ટેશનના સીનીયર પોલીસ ઈન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી અજાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખ :૦૪/૦૧/૨૦૨૩નાં રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

પોલીસ કમિશ્નર એસ.બી. સુરત શહેર

(અજયકુમાર તોમર)
પોલીસ કમિશ્નર,
સુરત શહેર.

<u>પ્રતિ,</u>

(૧) અધિક પોલીસ કમિશ્નરશ્રી-૧,૨ તથા ટ્રાફિક અને ક્રાઈમ,સુરત શહેર.
(૨) નાયબ પોલીસ કમિશ્નરશ્રી, તમામ,સુરત શહેર.
(૩) મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, તમામ, સુરત શહેર.
(૪) તમામ પો.સ્ટે./શાખા ઈન્ચાર્જશ્રીઓ, સુરત શહેર
(નકલો ચોંટાડી લાઉડ સ્પીકર, વાહન ધ્વારા જાહેરાત કરાવવા સારૂ)
(૫) કંટ્રોલ ઈન્ચાર્જશ્રી, સુરત શહેર(તમામ વર્તમાનપત્રો તથા ન્યુઝ ચેનલોને એક-એક નકલ આપવી).

<u>સવિનય નકલ રવાના</u> :-

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૨) પોલીસ મહાનિદેશકશ્રી અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી ગુ.રા., ગાંધીનગર.
(૩) અધિક પોલીસ મહાનિદેશકશ્રી (ઈન્ટે.), ગુ.રા., ગાંધીનગર.
(૪) પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર, રાજકોટ શહેર,વડોદરા શહેર.
(૫) પોલીસ મહાનિરીક્ષકશ્રી સુરત રેન્જ, સુરત.
(૬) કલેકટરશ્રી, સુરત શહેર.
(૭) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, સુરત શહેર
(૮) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, (ઈન્ટે) સુરત રીજીયન, સુરત
(૯) પોલીસ અધિક્ષકશ્રી, સુરત રૂરલ.
(૧૦) નિયામકશ્રી, માહિતી ખાતુ, ગુ.રા., ગાંધીનગર.
(૧૧) જીલ્લા સરકારી વકીલશ્રી, સેશન્સ કોર્ટ, સુરત.
(૧૨) મેનેજરશ્રી, ગર્વનમેન્ટ પ્રેસ વડોદરા, (ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરવા સારૂ).

(૧૩) પો.ઈન્સ.શ્રી, સુરત રેલ્વે પો.સ્ટે.

(૧૪) રજીસ્ટ્રારશ્રી, હાઈકોર્ટ, ગુ.રા., સોલા રોડ, અમદાવાદ.

(૧૫) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, સુરત .

(૧૬) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશ્યલ મેજી.શ્રી કોર્ટ, સુરત.

(૧૭) વધારાના એકઝીકયુટીવ મેજી.શ્રી, સુરત શહેર.( નાનપુરા બહુમાળી સુરત )

(૧૮) સબ ડીવીઝનલ મેજી.શ્રી, સીટી પ્રાંત.(જીલ્લા સેવા સદન અઠવાલાઈન્સ સુરત )

(૧૯) સંયુકત માહીતી નિયામકશ્રી, સુરત ( સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી તથા દુરદર્શન કેન્દ્રમાં પ્રસિધ્ધ કરવા સારૂ.)